# ઉદ્યોગોને PNG નેટવર્કથી જોડાશે

**ચેમ્બર** દ્વારા ગુજરાત ગેસના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકા સિંઘને સચિન, પલસાણા, પાંડેસરા, કીમ પીપોદરા, સાયણ અને માંગરોળમાં ગેસલાઇન નાંખવાની રજૂઆત કરાઇ

**ઉદ્યોગોને** ગેસ સપ્લાય અને કારીગરોને સરળતાથી ગેસ સિલિન્ડર ઉપલબ્ધ કરાવવા મુદ્દે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ

સુરતઃ ઉદ્યોગોને ગેસ સપ્લાય સુનિશ્ચિત કરવા તથા કારીગરોને ગેસ સિલિન્ડર સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુસર શનિવાર, તા. ૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અઠવા લાઇન્સ સ્થિત સરકીટ હાઉસ ખાતે ગુજરાત ગેસના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકા સિંઘ (IAS)ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ વિજય મેવાવાલા, ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી, સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના ડિરેક્ટર વિનોદ અગ્રવાલ સહિત ઉદ્યોગકારો, ગુજરાત ગેસના ઉચ્ચાધિકારીઓ અને જિલ્લા પૂરવઠા અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વર્તમાન કપરી પરિસ્થિતિમાં ચેમ્બર ઓફ કોમર્સ સરકારની સાથે છે. ચેમ્બર તમામ ઉદ્યોગો, કલેક્ટર કચેરી અને ગુજરાત ગેસ વચ્ચે અસરકારક સંકલન સાધી બ્રિજ તરીકે કાર્ય કરશે. ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સચિન, પલસાણા, પાંડેસરા, કિમ-પીપોદરા, સાયણ અને માંગરોળ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં ગેસલાઈન વહેલી તકે નાંખવા ગુજરાત ગેસના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકા સિંઘને રજૂઆત કરવામાં આવી હતી. વધુમાં, કેટલાક ઔદ્યોગિક વિસ્તારોમાં ગેસલાઈન નંખાઈ ગઈ છે, પણ મીટર ઉપલબ્ધ ન હોવાને કારણે સપ્લાય શરૂ ન થઈ શકયો નથી, આથી આવા વિસ્તારોમાં પણ ઝડપથી મીટર લગાવીને ગેસ સપ્લાય પૂરો પાડવા ચેમ્બરે રજૂઆત કરી હતી. ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત સંદર્ભે ગુજરાત ગેસ તરફથી ઝડપી કાર્યવાહી કરવા સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

જિલ્લા પૂરવઠા અધિકારીએ બેઠક દરમ્યાન માહિતી આપી હતી કે ગેસ સિલિન્ડર સપ્લાય કરતી એચપીસીએલ, બીપીસીએલ અને આઈઓસીએલના તમામ ડિલરો દ્વારા 5 કિલો અને 6 કિલોના ગેસ સિલિન્ડરોનો સપ્લાય શરૂ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા હેઠળ, ઔદ્યોગિક એકમોમાં કાર્યરત કારીગરોને ગેસ સિલિન્ડર મેળવવા માટે સંબંધિત એકમોએ પોતાના લેટરહેડ પર કારીગરના નામ તથા આધારકાર્ડની નકલ સાથે નજીકના ગેસ સપ્લાયરને અરજી કરવાની રહેશે. ઉપલબ્ધ સ્ટોક મુજબ ગેસ સિલિન્ડરોની ડિલિવરી કરવામાં આવશે તેમજ એચપીસીએલ, બીપીસીએલ અને આઈઓસીએલના સિલિન્ડરોનું રિપ્લેસમેન્ટ પણ કરવામાં આવશે. આ વ્યવસ્થા કારીગરોની હિજરત અટકાવવા કરવામાં આવી છે. વધુમાં, પીએનજી પાઈપલાઈન કનેકશન માટેની નવી પ્રક્રિયાને સરળ બનાવી 45 દિવસના સમયગાળાને ઘટાડીને માત્ર 7 દિવસ કરવામાં આવી છે, જ્યાં ગેસલાઈન ઉપલબ્ધ નથી, એવા ઔદ્યોગિક વિસ્તારોની વિગત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાત ગેસને મોકલવામાં આવશે.

## GSPCના ડિરેક્ટરની સુરત જિલ્લા તંત્ર સાથે બેઠક યોજાઈ

**ગેસ** ઉપયોગ વધારવા ખાસ યોજના હેઠળ નવા PNG કનેક્શન પર રૂ. 500નો લાભ

### 7 દિવસમાં PNG કનેક્શનઃ પ્રક્રિયામાં ફેરફાર

ગેસ કનેક્શન મેળવવાની પ્રક્રિયાને વધુ સરળ અને ઝડપી બનાવવા માટે મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ 45 દિવસનો સમયગાળો લાગતો હતો, જેને ઘટાડીને હવે માત્ર 7 દિવસમાં કનેક્શન આપવામાં આવશે. આ નિર્ણયથી ગ્રાહકોને મોટી રાહત મળશે અને PNGનો વ્યાપ વધશે.

### 1805 કોમર્શિયલ પીએનજી અરજી મંજૂર

રાજ્ય સરકાર દ્વારા PNG કનેક્શનના વિસ્તરણમાં ખાસ કરીને હોસ્પિટલ, શાળા-કોલેજો, વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ અને ધાર્મિક સંસ્થાઓને અગ્રતા આપવામાં આવી રહી છે. સુરતમાં અત્યાર સુધીમાં 1805 કોમર્શિયલ PNG અરજીઓ મંજૂર કરાઈ. 39 હોસ્પિટલોને કનેક્શન અને 16 રેલ્વે કેન્ટીનોમાં ગેસ સુવિધા આપવામાં આવી. આ ઉપરાંત ઉદ્યોગોમાં કામદારો માટે ચાલતા કેન્ટિન અને મેસમાં પણ ગેસ સિલિન્ડર તથા PNG કનેક્શન દ્વારા સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

સુરતઃ સુરત જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો સતત અને સરળ પુરવઠો જળવાઈ રહે તે માટે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન (GSPC) દ્વારા મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકાસિંઘના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં જિલ્લા વહીવટીતંત્ર, મનપા અને ઓઇલ-ગેસ કંપનીઓ વચ્ચે સંકલન મજબૂત કરવાની દિશામાં ચર્ચા થઈ. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે હાલ રાજ્યમાં ગેસ, પેટ્રોલ, ડીઝલ અને ખાતર સહિતની તમામ આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં પણ કોઈ અછત ન રહે તે માટે પૂરતી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. શહેરમાં ગ્રીન એનર્જી પ્રોત્સાહિત કરવા માટે PNG (પાઈપ્ડ નેચરલ ગેસ) કનેક્શનને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

હાલ સુરતમાં આશરે 15.20 લાખ ડોમેસ્ટિક PNG કનેક્શન કાર્યરત છે. નવી યોજના મુજબ, 30 જૂન સુધીમાં નવા PNG કનેક્શન માટે અરજી કરનાર ગ્રાહકોને રૂ.500નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

આ રકમ કનેક્શન ઇન્સ્ટોલ થયા પછી ગ્રાહકના બિલમાં ક્રેડિટ કરવામાં આવશે. ગેસલાઈન ઉપલબ્ધ વિસ્તારોમાં આ યોજના ખાસ અસરકારક બનવાની શક્યતા છે.

## ચૂંટણી માટે અધિકારીઓની નિમણૂક પૂર્ણ

# હવે મતદાન મથકો માટે સ્ટાફનો ઓર્ડર કરાશે

**વોર્ડ** અને તાલુકા સ્તરે RO-ARO ની જવાબદારી ફાળવાઈ, ચૂંટણી પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત બનશે

સુરતઃ આગામી સુરત મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ તથા જિલ્લા સ્તરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પારદર્શક અને સુચારું બનાવવા વહીવટી તંત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. રાજ્ય ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ શહેરના તમામ વોર્ડ અને જિલ્લાના તાલુકાઓમાં ચૂંટણી અધિકારીઓ (RO) અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ (ARO) ની નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા અગાઉ 25 હજારથી વધુ કર્મચારીઓને વિવિધ પાલિકા અને પંચાયતોમાં ફરજ સોંપવામાં આવી હતી. હવે આગામી તબક્કામાં આ સ્ટાફને ચોક્કસ મતદાન મથકો પર ફરજ બજાવવા માટે ઓર્ડર આપવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના 30 વોર્ડમાં ચૂંટણી પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પાર પાડવા માટે જુદા જુદા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.

ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ અધિકારીઓ ઉમેદવારી ફોર્મ સ્વીકારવું અને તેની ચકાસણી, માન્ય ઉમેદવારોની યાદી જાહેર કરવી, આચારસંહિતાનું કડક પાલન સુનિશ્ચિત કરવું, મતદાન મથકોની વ્યવસ્થા અને પોલિંગ સ્ટાફની ફાળવણી અને મતદાન દિવસે કાયદો અને વ્યવસ્થા જાળવવી જેવી મહત્વપૂર્ણ કામગીરી સંભાળશે. નાગરિકો અને ઉમેદવારો પોતાના વોર્ડના RO/ARO કચેરીનો સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકશે. આ અધિકારીઓ મતદાર યાદી શુદ્ધિકરણ, આચારસંહિતા અમલ, EVM મેનેજમેન્ટ અને મતદાન મથકોની સુવિધાઓ જેવી કામગીરીનું સીધું નિરીક્ષણ કરશે. આ તમામ વ્યવસ્થાઓને કારણે સુરત શહેર અને જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક, સુવ્યવસ્થિત અને વિશ્વસનીય બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### વોર્ડવાઈઝ ચૂંટણી અધિકારીઓની નિમણૂક

**વોર્ડ નં. 2, 7 અને 8** માટે નાયબ કલેક્ટર એન.એસ. સવાણી (RO) અને ધર્મિષ્ઠાબેન બારિયા (ARO), **વોર્ડ નં. 3, 5 અને 6** માટે ડી.એમ. બગસરીયા (RO) અને ડી.વી. ગામિત (ARO), **વોર્ડ નં. 10, 23 અને 30** માટે તૃપ્તિ પટેલ (RO) અને મનોજ પંચાલ (ARO), **વોર્ડ નં. 14, 16 અને 17** માટે અંકિત ગોહિલ (RO) અને આઈ.બી. પટેલ (ARO), **વોર્ડ નં. 19, 26 અને 27** માટે વી.જે. ભંડારી (RO) અને એસ.સી. વાણિયા (ARO), **વોર્ડ નં. 4, 15 અને 18** માટે દર્શન શાહ (RO) અને મયુર પ્રજાપતિ (ARO), **વોર્ડ નં. 1, 9 અને 11** માટે એસ.વી. ઢીલા (RO) અને એમ.પી. પટેલ (ARO), **વોર્ડ નં. 21, 22 અને 29** માટે રાહુલ ચૌધરી (RO) અને ભાવેશ ધાનાણી (ARO, **વોર્ડ નં. 12, 13 અને 20** માટે પલક ત્રિવેદી (RO) અને હરસિદ્ધી પટેલ (ARO), **વોર્ડ નં. 24, 25 અને 28** માટે ગજેન્દ્ર પટેલ (RO) અને એલ.આર. ચૌધરી (ARO)

### ચૂંટણી અધિકારીઓની મુખ્ય જવાબદારીઓ

**ચોર્યાસીઃ** કાર્યપાલક ઈજનેર (RO), મામલતદાર અને TDO (ARO)
**ઓલપાડઃ** નાયબ કલેક્ટર (RO), મામલતદાર અને TDO (ARO)
**કામરેજઃ** ના.પશુપાલન નિયામક (RO), મામલતદાર અને TDO (ARO)
**બારડોલીઃ** કાર્યપાલક ઈજનેર (RO), મામલતદાર અને TDO (ARO)
**મહુવા-અંબિકાઃ** નાયબ DDO (RO), મામલતદાર અને TDO (ARO)
**માંડવી-અરેઠઃ** નાયબ કલેક્ટર (RO), મામલતદાર અને TDO (ARO)
**માંગરોળઃ** જિલ્લા રજીસ્ટ્રાર (RO), મામલતદાર અને TDO (ARO)
**પલસાણાઃ** કેનાલ ઈજનેર (RO), મામલતદાર અને TDO (ARO)
**ઉમરપાડાઃ** સિંચાઈ ઈજનેર (RO), મામલતદાર અને TDO (ARO)

# RTEમાં હજારો બેઠકો સામે મર્યાદિત અરજીઓ

**પ્રથમ** દિવસે શહેરમાં વધુ પ્રતિસાદ, ગ્રામ્ય વિસ્તારમાં ચકાસણી પ્રક્રિયા ચાલુ

સુરતઃ સુરત જિલ્લામાં RTE હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, પરંતુ પ્રથમ દિવસના આંકડા દર્શાવે છે કે ઉપલબ્ધ બેઠકોની સરખામણીએ હજુ પણ નોંધપાત્ર સંખ્યામાં ફોર્મ ભરાવાના બાકી છે. શહેરમાં સારો જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં પ્રક્રિયાએ હજી ગતિ પકડી રહી છે.

પ્રથમ દિવસે સાંજે ૬ વાગ્યા સુધી સુરત શહેરમાં ૨,૮૮૫ ફોર્મ ભરાયા હતા. જ્યારે શહેરમાં કુલ ૯૬૬ ખાનગી શાળાઓમાં આરટીઈ હેઠળ ૨૫ ટકા મુજબ ૧૩,૨૮૪ બેઠકો ઉપલબ્ધ છે. આ આંકડા દર્શાવે છે કે હજુ પણ મોટી સંખ્યામાં બેઠકો માટે અરજીઓ આવવાની બાકી છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્થિતિ વધુ સ્પષ્ટ થાય છે. સુરત ગ્રામ્યમાં ૩૯૦ ખાનગી શાળાઓમાં કુલ ૩,૫૯૭ બેઠકો છે, પરંતુ પ્રથમ દિવસે માત્ર ૮૧૧ ફોર્મ જ ભરાયા હતા. ગ્રામ્ય વિસ્તારના આંકડા વધુ રસપ્રદ છે. કુલ ૮૧૧ ફોર્મમાંથી માત્ર ૨૫ ફોર્મ મંજૂર થયા છે, ૭ ફોર્મ રિજેક્ટ થયા છે અને ૧૦ ફોર્મ કેન્સલ થયા છે, જ્યારે ૭૬૯ ફોર્મ હજુ ચકાસણી હેઠળ છે. આ દર્શાવે છે કે અરજદારોને દસ્તાવેજ ચકાસણી અથવા પ્રક્રિયા અંગેની સમજણમાં હજુ પડકારો છે.

### ૧૭ એપ્રિલ સુધી તકઃ જાગૃતિ વધારવાની જરૂર

આરટીઇ હેઠળ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૨૬ છે. નિષ્ણાતોના મતે, શરૂઆતના આંકડા જોતા એવું લાગે છે કે હજુ પણ ઘણા પાત્ર લાભાર્થીઓ સુધી આ યોજનાની માહિતી પહોંચી નથી. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિ અભિયાન વધારવાની જરૂર છે. આરટીઇ એક્ટ, ૨૦૦૯ હેઠળ નબળા અને વંચિત વર્ગના બાળકોને ખાનગી શાળાઓમાં વિનામૂલ્યે પ્રવેશ મળે છે. આ યોજના ગુણવત્તાસભર શિક્ષણ સુધી સમાન પહોંચ સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ છે.

## ટિકિટ બાદ બળવો અટકાવવા ભાજપનું અગાઉથી ડેમેજ કન્ટ્રોલ, શિસ્ત સમિતિ સક્રિય

# બળવાખોરોને ભાજપમાં ફરી પ્રવેશ નહીં

**શિસ્ત** સમિતિની બેઠકમાં કાર્યકર્તાઓને સ્પષ્ટ સૂચના

**ટિકિટ** ન મળવાથી નારાજ થનારા કાર્યકરો પક્ષને નુકસાન ન પહોંચાડે તે માટે શિસ્તનો કોરડો વીંઝવાની પૂરી તૈયારી

ગાંધીનગરઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે ઉમેદવારોને ટિકિટ આપ્યા બાદ આંતરિક વિવાદ ન વકરે તે માટે અત્યારથી જ ડેમેજ કન્ટ્રોલ શરૂ કરી દીધું છે. પાર્ટીએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ટિકિટ મુદ્દે બળવો કરનારને શિસ્તના પાઠ ભણાવવામાં આવશે અને જરૂરી હોય તો પક્ષમાંથી બહારનો રસ્તો પણ બતાવવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીએ આંતરિક વિખવાદ અને જૂથવાદને ડામવા માટે અત્યારથી જ 'ડેમેજ કન્ટ્રોલ' મોડ ઓન કરી દીધું છે. ભાજપે ચૂંટણી પહેલાં જ 'પાણી પહેલા પાળ' બાંધી દીધી છે. ટિકિટ ન મળવાથી નારાજ થનારા કાર્યકરો પક્ષને નુકસાન ન પહોંચાડે તે માટે શિસ્તનો કોરડો વીંઝવાની પૂરી તૈયારી કરી લેવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે ૧૦ હજારથી વધુ બેઠકો પર પસંદગી પામેલા ઉમેદવારો સામે પક્ષમાં કેવો પ્રતિસાદ મળે છે.

"મારા કે તારા નહીં, પરંતુ સારા ઉમેદવારને જ ટિકિટ મળશે" એવો કડક સંદેશ પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા દ્વારા પહેલાથી જ અપાઈ ચૂક્યો છે. હવે કમલમથી વધુ એક આદેશ આપવામાં આવ્યો છે કે, કોઈપણ કાર્યકર અથવા નેતા ટિકિટ માટે દબાણ કે ધમપછાડા કરશે તો તેની સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. શિસ્ત સમિતિની બેઠકમાં કાર્યકર્તાઓને આ બાબતે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.

### "માપમાં રહેજો, નહીંતર પગલાં લેવાશે"

ટિકિટ જાહેર થયા બાદ પક્ષમાં અસંતોષ અને આંતરિક કકળાટ ઊભો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને ભાજપે પહેલેથી જ કડક વલણ અપનાવ્યું છે. સેન્સ પ્રક્રિયા દરમિયાન જ કાર્યકર્તાઓને શિસ્તમાં રહેવા સૂચના આપવામાં આવી છે. પક્ષે સ્પષ્ટ કહી દીધું છે કે, ગેરશિસ્ત સહન નહીં કરવામાં આવે. શિસ્ત સમિતિને તમામ બેઠકોની આંતરિક ગતિવિધિ પર નજર રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. કોઇપણ નેતા કે કાર્યકર દ્વારા ધમપછાડા કે બળવો કરવામાં આવે તો તાત્કાલિક શો-કોઝ નોટિસ આપી સસ્પેન્ડ કરવા અથવા પક્ષમાંથી કાઢી મૂકવાના આદેશ આપવામાં આવ્યા છે.

### શિસ્ત સમિતિમાં મજબૂત નેતાઓની નિમણૂક

ભાજપે શિસ્ત સમિતિના કન્વીનર તરીકે રજનીકાંત પટેલની નિમણૂક કરી છે. સાથે જ અન્ય સિનિયર નેતાઓને પણ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. સંગઠન પર મજબૂત પકડ ધરાવતા નેતાઓને આ જવાબદારી સોંપવામાં આવી છે જેથી તેમના નિર્ણયો તટસ્થ રહે અને તેના પર કોઇ સવાલ ન ઊઠે.

### સિનિયર નેતા દબાણ કરશે તો તાત્કાલિક નોટિસ

કોઈપણ સિનિયર નેતા દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેમને તાત્કાલિક 'શો-કોઝ' નોટિસ ફટકારી સસ્પેન્ડ અથવા પક્ષમાંથી હાંકી કાઢવામાં આવશે.

### પ્રદેશવાર જૂથવાદ પર નજર

પાર્ટી દ્વારા જૂથવાદને રોકવા માટે પણ ખાસ વ્યૂહરચના ઘડી છે. મોટા શહેરોમાં કાર્યકર્તાઓ વચ્ચે સ્પર્ધા વધતી જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રમાં જુથવાદની અસર છે, જ્યારે ઉત્તર ગુજરાતમાં સામાજિક સમીકરણો મહત્વના બનશે. દક્ષિણ ગુજરાતમાં સંગઠન મજબૂત હોવા છતાં દાવેદારીને કારણે તણાવભર્યો માહોલ છે. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ટિકિટ ફાળવણી કરવામાં આવશે.

# ચૂંટણીને લીધે નર્મદ યુનિ.ની પરીક્ષાની તારીખોમાં ફેરફાર

**નવી** તારીખો વેબસાઈટ પર જાહેર, વિદ્યાર્થીઓને રાહત

સુરતઃ ગુજરાતમાં આવનારી પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીને કારણે વિદ્યાર્થીઓને રાહત આપતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરીક્ષાના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ ૨૫થી ૨૮ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન યોજાનારી વિવિધ કોર્સોની પરીક્ષાઓ હવે નવી તારીખે લેવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા લેવાયેલા આ નિર્ણય પાછળ મુખ્ય કારણ ૨૬ એપ્રિલે યોજાનાર મતદાન છે. ચૂંટણી દરમિયાન અનેક કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં મતદાન મથકો બનાવવામાં આવતા હોવાથી પરીક્ષા અને ચૂંટણી વ્યવસ્થા વચ્ચે અથડામણ ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ વિદ્યાર્થીઓ અને સ્ટાફને મતદાન પ્રક્રિયામાં સહભાગી થવામાં સરળતા રહે તે હેતુ પણ સામેલ છે. પરીક્ષા નિયામક એ.વી. ધડુક દ્વારા જારી પરિપત્રમાં જણાવ્યા મુજબ, રાજ્યમાં ચૂંટણીની જાહેરાતને ધ્યાનમાં રાખીને માર્ચ-એપ્રિલ ૨૦૨૬ની પરીક્ષાઓનું પુનઃનિયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને બી.કોમ, બીબીએ, બીસીએ, એલએલબી, એલએલએમ, બીકોમ એલએલબી (ઓનર્સ), એમ.એમ.એ, એમ.એમ.એસ અને માસ્ટર ઓફ લાઈબ્રેરી સાયન્સ જેવા મહત્ત્વપૂર્ણ અભ્યાસક્રમો માટે આ ફેરફાર લાગુ પડે છે. યુનિવર્સિટી તંત્રએ વિદ્યાર્થીઓને સૂચના આપી છે કે તેઓ નવી તારીખો અને વિગતવાર સમયપત્રક માટે સત્તાવાર વેબસાઈટની મુલાકાત લે. આ બદલાવને કારણે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધારાનો સમય મળશે.

# ભરૂચનો કિશોર ઘર છોડી સુરત આવી ગયો

**રેલવે** શી-ટીમે ગણતરીના કલાકોમાં વાલી સાથે મિલાપ કરાવ્યો



સુરતઃ ભણવા બાબતે માતા-પિતાના ઠપકાથી નારાજ થઈને ભરૂચનો એક 13 વર્ષીય કિશોર કોઈને કહ્યા વગર ટ્રેનમાં બેસી સુરત આવી પહોંચ્યા હતો. જોકે, સતર્ક સુરત રેલવે પોલીસની શી-ટીમે (She-Team) આ બાળકને શોધી કાઢી તેના પરિવાર સાથે સુખદ મિલાપ કરાવ્યો હતો.

મળતી માહિતી મુજબ ઘટનાની વિગતો મુજબ સુરત રેલવે પોલીસ સ્ટેશનના વુમન એ.એસ.આઈ. મનિષા મધુકર અને શી-ટીમ સ્ટેશન પર પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પ્લેટફોર્મ નંબર-1 ના વેઈટિંગ એરિયામાં એક બાળક બાંકડા પર એકલો સૂતેલો જણાયો હતો. આજુબાજુના મુસાફરોની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આ બાળક ઘણા સમયથી અહીં એકલો જ છે. પોલીસે બાળકને જગાડી વિશ્વાસમાં લઈને પૂછપરછ કરતાં તેણે કેફિયત વર્ણવી હતી કે તેના માતા-પિતા તેને ભણવા બાબતે સતત ટોકતા હોવાથી તે નારાજ હતો અને તેને વતનમાં દાદા-દાદી પાસે જઈને ભણવું હતું. આથી તે ગત સાંજે 'રમવા જાઉં છું' તેમ કહી ભરૂચથી ટ્રેનમાં બેસી સુરત આવી ગયો હતો. સુરત રેલવે પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ પોલીસે બાળકના માતા-પિતાનો સંપર્ક સાધ્યો હતો. બાળકના પિતાએ જણાવ્યું કે પરીક્ષા પૂરી થયા બાદ તેઓ વતન જવાના જ હતા,

પરંતુ બાળકે જીદ પકડતાં ગુસ્સામાં તેને એકલા જવાનું કહી દીધું હતું, જેનાથી માઠું લગાડી બાળક ઘરેથી નીકળી ગયો હતો. આજે સવારે સુરત રેલવે પોલીસનો ફોન આવતા પરિવારના જીવમાં જીવ આવ્યો હતો. જરૂરી કાયદાકીય કાર્યવાહી અને આધાર પુરાવાની ખરાઈ કર્યા બાદ સુરત રેલવે પોલીસે કિશોરનો કબજો તેના વાલીઓને સોંપ્યો હતો.

# ATMમાંથી ચોરી નહીં થઈ શકી તો સ્ક્રીન તોડી નાંખ્યું

સુરતઃ લિંબાયતમાં મમતા ટોકિઝ પાસે આવેલા એક્સિસ બેંકના એટીએમમાંથી ચોરી કરવામાં નિષ્ફળ રહેલા તસ્કરોએ એટીએમની સ્ક્રીન તોડી નાંખી અંદાજે ૩ લાખ રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે.

લિંબાયત ભગવતી નગર પ્લોટ નંબર ૨૫ ખાતે ગત તારીખ ૩૦/૦૩/૨૦૨૬ ના રોજ તસ્કર એટીએમમાં ચોરી કરવા ઘૂસ્યો હતો. જો કે તે સફળ નહીં રહેતા તેણે મશીનમાં ભારે તોડફોડ કરી હતી. તેણે મશીનની મેઈન ડિસ્પ્લે સ્ક્રીન, પ્રિન્ટર યુનિટ, કાર્ડ રીડર, પીપીટી એસેમ્બલી તેમજ લોવર હૂડ અને એસ.એન્ડ.જી. લોકને સરેઆમ નુકસાન પહોંચાડ્યું હતું.

આ તોડફોડને કારણે બેંકના એટીએમ મશીનમાં અંદાજિત રૂપિયા ૩,૦૦૦,૦૦ (ત્રણ લાખ) જેવું મોટું નુકસાન થવા પામ્યું છે. આ અંગે વડોદરા સ્થિત સિદ્ધેશ્વર હેબિટેટમાં રહેતા બેંકના જવાબદાર કર્મચારી પ્રદીપ અમરીશભાઈ મકવાણાએ લિંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બુલેટ ટ્રેન...

સાથે બુલેટ ટ્રેન સ્ટેશનથી નજીકમાં જ જ વિશ્વકક્ષાનું કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર બનાવવામાં આવશે. સાથે સાથે બુલેટ ટ્રેનના ચાર ખૂણે આઈટીથી માંડીને મેડિકલ સુધીના ક્ષેત્રને આવરી લેતા ચાર હબ બનાવવામાં આવશે. આ પાંચ પૈકી બે ડ્રાફ્ટ ટીપી સ્કીમ સરકાર દ્વારા મંજૂર કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં અન્ય ત્રણ ટીપી સ્કીમને મંજૂરી માટે સરકારમાં મોકલવામાં આવશે.

### છેડછા ખાડીનું...

છેડછાની ખાડીને પણ ઉંડી કરીને તેનું નવિનીકરણ કરવામાં આવશે. ખાડીમાં ગંદુ પાણી છોડવામાં નહીં આવે તે માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ બનશે અને સાથે સાથે ખાડીની આજુબાજુ બાયોડાયવર્સિટી પાર્ક બનાવવામાં આવશે. આ ખાડી અને બંને તળાવોને જોડીને 10 કિ.મી. નો એક ગ્રીન પાથ પણ બનાવવામાં આવશે. જે આખા બુલેટ ટ્રેનના વિસ્તારની ફરતે એક કોરિડોર સમાન બનશે. જેમાં વાહનો લઈ જવા પર પ્રતિબંધ હશે પરંતુ લોકો સાયકલિંગ તેમજ ચાલતા આ પાથ પર ફરી શકશે.

### બુલેટ ટ્રેન...

ક્ષેત્રનું સેન્ટર બનશે. આ સેન્ટરમાં એઈમ્સ જેવી વર્લ્ડક્લાસ હોસ્પિટલ લાવવાનું પણ આયોજન છે. ઉપરાંત બિઝનેસ અને ટુરિઝમ તેમજ ચોથું સેન્ટર એવું હશે કે જ્યાં બુલેટ ટ્રેન, મેટ્રો રેલ અને બીઆરટીએસનું જંકશન બનશે. જેથી મેટ્રો કે બીઆરટીએસમાં આવનાર વ્યક્તિ સીધો બુલેટ ટ્રેનમાં જઈ શકશે.

### વરસાદનું પાણી...

જમીનમાં ઉતરી શકે. ખાડીની ફરતે પણ એવા આયોજનો હશે કે વધારાનું પાણી સીધું જમીનમાં ઉતરી જાય. આ કારણે આ વિસ્તારની જમીનમાં પાણીના તળ પણ ઉંચા આવશે.

### સ્કૂલ પાસેના...

સેલવાસની વિનોબાભાવે સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ધડાકો એટલો પ્રચંડ હતો કે ગોડાઉનની આસપાસના વાહનો તેમજ ઘરના કાચ તૂટી ગયા હતા. એક ઈલેક્ટ્રીક મોપેડના પણ ફૂરચા ઉડી ગયા હતા. બનાવ બન્યો ત્યારે ત્રણના મોત તેમજ અન્ય ઈજાગ્રસ્ત હોવાનું જણાયું હતું. ત્યારબાદ વધુ એક મોત થતાં સિલિન્ડર બ્લાસ્ટમાં ચારના મોત અંગે જાણકારી મળી રહી છે.

સંઘપ્રદેશના દાદરા ગામમાં દામિની સ્કૂલ ફળિયા સ્થિત એસ.કે.એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાં નાઈટ્રોજન સિલિન્ડરમાં કોઈક કારણસર શનિવારે સવારે 9.15ના અરસામાં ગોડાઉન ખોલ્યું ત્યારે જ પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. સ્થાનિક નજરે જોનારના કહેવા પ્રમાણે બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે આસપાસના ઘરના બારીના કાચ પણ તૂટી ગયા હતા. તેમજ આસપાસના ઘર પાસે પાર્ક કરેલી કારના કાચ પણ તૂટી ગયા હતા. જ્યારે બ્લાસ્ટ થયો ત્યારે નાઈટ્રોજનના સિલિન્ડર ઉપર હવામાં ઉછળ્યા હતા. આ બનાવમાં ગેસ એજન્સીના સંચાલક તેના સંબંધી તેમજ કામ કરનારાઓમાં ચારના મોત થયા હતા. બનાવ બાદ પોલીસે આખા સ્થળને કોર્ડન કરી લીધું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ ફાયરબ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પોલીસે આ બનાવ બાદ ગુનો નોંધવા માટે તજવીજ હાથ ધરી છે.

જ્યારે અન્ય બેને ગંભીર ઈજા સાથે સેલવાસની વિનોબાભાવે સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. જ્યાં બ્લાસ્ટ થયો એ ગાડોઉનથી ૩૦ મીટરના અંતરે જ કહે છે કે સ્કૂલ છે. સ્થાનિકોના કહેવા પ્રમાણે રહેણાંક વિસ્તારમાં ગેસના ગોડાઉન ચાલતું હતું તો તેને પરમિશન અપાઈ હતી કે કેમ ? જેવા ઘણાં સવાલો આ બનાવ બાદ લોકો પૂછી રહ્યા છે.

#### બનાવ સ્થળની કલેક્ટર તેમજ એસપીએ વિઝિટ કરી

દાદરામાં સિલિન્ડ બ્લાસ્ટના ગંભીર બનાવ બાદ દાદરા નગર હવેલીના કલેક્ટર પ્રિયંક કિશોર તથા દાનહના એસપી સચિન યાદવે સ્થળ ઉપર વિઝિટ કરીને જાણકારી મેળવી હતી. કલેક્ટર પ્રિયંક કિશોરે મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે આ જગ્યાએથી જુદા જુદા ગેસ તેમજ ઓક્સિજન સપ્લાય કરતા હતા. એફએસએલની ટીમને બોલાવી છે તે આવ્યા બાદ બ્લાસ્ટ કેમ થયો તેનું કારણ જાણી શકાશે. તેમણે કહ્યું કે તપાસ બાદ જ ઘટના અંગે કંઈ કહી શકાશે.

### નાઇટ્રોજન ગેસ...

છે. વધુમાં, જિલ્લા વહીવટીતંત્રએ જોખમી રસાયણો અને ગેસનો ઉપયોગ કરતા એકમોની તપાસ માટે એક વિશેષ નિરીક્ષણ સમિતિની રચના કરી છે, જે પરવાનગી વગર ચાલતા એકમોની તપાસ કરશે.

### SDB બનશે...

ટ્રેડિંગનું હબ છે તો સુરત ડાયમંડ બુર્સ લેબગ્રોન ડાયમંડ ટ્રેડિંગનું વૈશ્વિક કેન્દ્ર બનશે. મોટી સંખ્યામાં લેબગ્રોન ઉત્પાદકો SDB માં શિફ્ટ થશે. વેપારીઓને સંબોધતા તેમણે એકતા પર ભાર મુકતાં કહ્યું કે, નાના-મોટા મતભેદો ભૂલીને ટીમ સ્પિરિટ સાથે આગળ વધવું જોઈએ, જેથી સુરતનું નામ વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બને. સાથે જ નવસારીના હીરા વેપારીઓ અને બ્રોકરો માટે બસ સેવા શરૂ કરવાની જાહેરાત કરી હતી.

ડાયમંડ બ્રોકરો અને નાના વેપારીઓને ધ્યાનમાં રાખીને SDBમાં સસ્તું અને સાત્વિક ભોજન ઉપલબ્ધ કરાવવા માટે કિચન સુવિધા ઉભી કરવાની સૂચના પણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન SDBના વાઈસ પ્રેસિડેન્ટ લાલજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, 4 હજાર ઓફિસોની ક્ષમતા ધરાવતા આ ભવ્ય બિલ્ડિંગમાં હાલમાં 80 ટકા વેપાર શરૂ થઈ ગયો છે અને આગામી દિવસોમાં વધુ વૃદ્ધિ થશે. તેમના ભાષણમાં હર્ષ સંઘવીએ વિરોધીઓ પર પણ આડકતરી ટીકા કરતા જણાવ્યું હતું કે, "સારા કામમાં હંમેશા અવરોધો આવે છે, પરંતુ અમે આગળ વધતા રહીશું." આ પ્રસંગે ગોવિંદ ધોળકિયા, અરવિંદ અજબની, રસેશ શાહ, નાગજી સાકરીયા તથા GJEPC ના ચેરમેન કિરીટ ભણસાલી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### શારજાહ પછી...

ઇન્ડિગો અને એર ઈન્ડિયા એક્સપ્રેસની સુરત- દુબઇની વીકમાં 4 અને 3 દિવસની ફલાઇટ પણ બંધ છે. જો યુદ્ધ લાંબુ ચાલ્યું તો સુરત એરપોર્ટ એકપણ ઇન્ટરનેશનલ ફ્લાઇટ વિનાનું નામનું ઇન્ટરનેશનલ એરપોર્ટ બની રહેશે.એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરત- બેંગકોક ફ્લાઇટ બંધ કરવાના ઇરાદાસર 1 જુલાઈથી ટિકિટ બુકિંગ બંધ કરતાં થાઇલેન્ડ જતાં પ્રવાસીઓમાં નિરાશા ફેલાઈ છે. સૂત્રો કહે છે કે, સુરત એરપોર્ટથી ટાટા ગ્રુપ દ્વારા એર ઇન્ડિયાની સેવા પાછી ખેંચી લેવાયા પછી એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા એક પછી એક ડોમેસ્ટિક ફ્લાઇટ બંધ કરવાના નિર્ણયથી સુરત એરપોર્ટ વિશે નકારાત્મક છબી ઉપસી રહી છે. ટાટા ગ્રુપે સત્તા સંભાળતાની સાથે જ, તેઓએ પહેલા એર ઇન્ડિયાને દૂર કરી. બાદમાં, એર ઇન્ડિયા એક્સપ્રેસે ધીમે ધીમે સ્થાનિક ફ્લાઇટ્સ, પછી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ અને પછી શારજાહ ફ્લાઇટ્સ બંધ કરી દીધી. હવે,1 જુલાઈથી બેંગકોક ફ્લાઇટ્ બંધ થશે. હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા, ગોવા, શારજાહ ફ્લાઇટ્સ બંધ કરવામાં આવી છે. બેંગ્લોર 2થી 1 દિવસ, દુબઈ 4થી 3 દિવસ કરવામાં આવી છે.

એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ્સ સતત ઘટાડવામાં આવી રહી છે. કંપની પોતે સ્થિર ફ્રીક્વન્સી જાળવી રાખવામાં અસમર્થ રહી છે અને સતત ફેરફારો કરી રહી છે.




ભાવભીની

શ્રદ્ધાંજલિ

સ્વ. ડો. મુકુંદરાય દામોદરદાસ ગાંધી

સ્વ. તા. ૧-૪-૨૦૨૬, બુધવાર

કડોદના મૂળ વતની અને હાલ મુંબઇ ખાતે સ્થાયી થયેલા વૈષ્ણવ વણિક સમાજના પ્રતિષ્ઠિત અગ્રણી અને ખ્યાતનામ ડોકટર તથા દામોદરદાસ ગાંધી હોસ્પિટલ, કડોદના ઉપપ્રમુખ, કડોદ વિભાગ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી, કડોદની ઉપરોકત બન્ને સંસ્થાના વિકાસમાં સતત અંગત રસ ધરાવતા અને બન્ને સંસ્થાને દર વર્ષે માતબર સહાય કરતા ભામાશા એવા પરમ આદરણીય સ્વજનના દુઃખદ અવસાનથી કડોદ નગરને કદીયે ન પૂરી શકાય એવી ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા દિવંગતના સેવાભાવી અને પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના સાથે શાળા પરિવાર તથા હોસ્પિટલના તમામ સભ્યો દિવંગતના ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

લિ.

કડોદ વિભાગ એજ્યુકેશન સોસાયટી

પ્રમુખશ્રી કેતનભાઈ જે.પટેલ | ઉપપ્રમુખશ્રી ઘનશ્યામભાઈ એન.ગાંધી | મંત્રીશ્રી પ્રતાપસિંહ વી.દેસાઈ

સહમંત્રીશ્રી : હિતેન્દ્રસિંહ જે.દેસાઈ | ખજાનચી : પિનાકીન રાયચંદ શાહ

સમગ્ર વ્યવસ્થાપક સમિતિના સભ્ય

કડોદ હાઈસ્કુલ શાળા પરિવાર